**જાહેરાત**

**બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા, જિ.નર્મદા**

**કરાર આધારીત ૧૧ માસ વ્યાખ્યાતા સહાયકની ભરતી અંગેની જાહેરાત.**

ગુજરાત સરકાર, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ધ્વારા રાજપીપલા, જિ.નર્મદા ખાતે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૮ થી આર્ટસ, કોમર્સ અને સાયન્સની સ્નાતક કક્ષાની ત્રણ વિદ્યાશાખાઓ શરૂ કરવામાં આવેલ છે. જુદા-જુદા વિષયોમાં કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુ.રા., ગાંધીનગરની ૧૧ માસ કરાર આધારીત અધ્યાપક સહાયકની પેટર્ન અનુસાર અત્રેની કચેરી દ્વારા કરાર આધારીત ૧૧ માસ વ્યાખ્યાતા સહાયક માસિક રૂા.૨૫૦૦૦/- નાં ફિક્સ વેતનથી સેવા મેળવવા જે તે વિષય નિષ્ણાંતોની ગુણવત્તા યાદી તૈયાર કરવાની છે. જે તે વિષયમાં વર્કલોડ અને જરૂરિયાત અનુસાર નિમણુંક આપવા અને ભવિષ્યમાં નિયમિત નિમણુંક ન થાય ત્યાં સુધી નિયમાનુસાર સેવા મેળવવા તે માટેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારોએ http://bmtu.ac.in/ વેબસાઇટ પરથી માહિતી અને અરજીપત્ર મેળવી. કુલ સચિવશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા સમક્ષ નિયત નમુનામાં જરૂરી આધાર અને પુરાવાઓ સાથે નીચેના સરનામે લાયકાત અને અન્ય જરૂરી તમામ અસલ પ્રમાણપત્રો સાથે તા.૦૪/૦૫/૨૦૨૩ નાં રોજ ઉમેદવારે સ્વખર્ચે સવારે ૦૯:૩૦ કલાકે ફરજિયાત રૂબરૂ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. લાયક અને રસ ધરાવતા ઉમેદવારોને નિમણુક પ્રક્રિયા સંબંધિત તમામ માહિતી અને નિયત નમુનાનું અરજી ફોર્મ અને તમામ સુચનાઓ http://bmtu.ac.in/ વેબસાઇટ પરથી જોવા વિનંતી.

**-: સરનામુ :-**

બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા, વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર(વી.ટી.સી),
આર.ટી.ઓ કચેરીની બાજુમાં, વાવડી રોડ, વાવડી-રાજપીપલા,જિ.નર્મદા
(કાર્યાલય નંબર: ૯૪૦૯૧ ૧૭૯૨૫)

કા.કુલસચિવ
બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી
રાજપીપલા

સ્થળ :- રાજપીપલા
તારીખ :- ૨૫/૦૪/૨૦૨૩

# પત્રક-૧

- કરાર આધારિત ૧૧ માસ વ્યાખ્યાતા સહાયકની સુચિત વિષયવાર ખાલી જગ્યાઓ.

| ક્રમ | વિષય | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | અંગ્રેજી | ૩ |
| ૨ | રસાયણ વિજ્ઞાન | ૪ |
| ૩ | ભૌતિક વિજ્ઞાન | ૧ |
| ૪ | ઝુઓલોજી | ૪ |
| ૫ | અર્થશાસ્ત્ર | ૩ |

ખાસ નોંધ:- ઉપરોક્ત જગ્યા શૈક્ષણિક કાર્યભાર આધારિત હોય, તે સંખ્યામાં વધ-ઘટ થવાની સંભાવના છે. પ્રાપ્ત જગ્યાથી વધુ જગ્યા ભરવાની જરૂરિયાતના કિસ્સાઓ-સંજોગોમાં ઉપલા સંવર્ગની મંજૂર જગ્યાઓ સામે વધુ નિમણૂક આપી શકાશે અથવા યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ ફેરફાર કરવાની સત્તા માન. કુલપતિશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા જિ.નર્મદાની રહેશે.

- સદર ૧૧ માસ ના કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની સેવા જે તે વિષયમા તદ્દન કામચલાઉ રીતે મેળવવાની હોય, તેમ જ નિયમિત નિમણુક થતા સદર સેવાનો અંત લાવવામા આવશે.
- ગુણવત્તાક્રમાનુસાર જરૂરીયાત અનુસાર જે તે વિષયમા સેવા મેળવવા ઉમેદવારને અત્રેથી જાણ કરવામા આવશે. નિમણુક આપ્યા બાદ જે તે તજજ્ઞ રાજય સરકારશ્રીની કચેરી /ગ્રાન્ટેડ કોલેજ/ અન્ય યુનિવર્સિટી/ સંસ્થામા પસંદગી પામે તેવા સંજોગોમા ગુણવત્તાક્રમાનુસાર સેવા મેળવવામા આવશે. હાલની જાહેરાત પ્રસિદ્ધ કર્યા બાદ તુરંત સેવા મેળવવામા આવે તે ફરજિયાત નથી. જરૂરિયાત અનુસાર જે તે વિષયમા સેવા મેળવવા અત્રેથી જણાવવામા આવશે.
- ઉમેદવારની પસંદગી માત્ર મેરિટ-૯૦ ગુણનાં આધારે જ કરવામાં આવશે.
- ડોક્યુમેન્ટ વેરીફીકેશનનાં દિવસે રૂબરૂ ઉપસ્થિત ઉમેદવારની ઉમેદવારી જ ધ્યાને લેવામાં આવશે.
- યુનિવર્સિટીનાં હિતમાં ઉપરી અધિકારી ધ્વારા સોંપવામાં આવે તે વખતોવખતની તમામ ફરજો જે તે સ્થળે સૂચવ્યાનુસાર બજાવવાની રહેશે.
- અરજીપત્રની સાથે જોડેલ તમામ દસ્તાવેજો, આધારો વગેરે દરેક પૃષ્ઠ પર ઉમેદવારની સહિ (સ્વપ્રમાણિત) કરેલી હોવી ફરજિયાત છે.
- અરજીપત્રની સાથે જ મેરિટશીટ પણ પોતાના હસ્તાક્ષરમાં ભરેલ હોય તે આવશ્યક છે.
- સદર જાહેરાત પ્રસિધ્ધ કરવાનો હેતુ સેવા મેળવવા/પ્રતિક્ષા યાદી બનાવવાનો છે.
- નિમણુંક/સેવા/કરાર કરવા કે કેમ? તે અંગે અથવા આ જાહેરાત અંગેનો આખરી નિર્ણય માન.કુલપતિશ્રી– બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા જિ.નર્મદાનો રહેશે.
- સદર જાહેરાત અન્વયે અન્ય કોઇપણ પ્રકારનો પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહી.

# બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા, જિ.નર્મદા દ્વારા સ્થાપિત કોલેજમાં કરાર આધારીત ૧૧ માસ વ્યાખ્યાતા સહાયકની પસંદગી અંગેની જાહેરાત

ગુજરાત સરકાર, આદિજાતિ વિકાસ વિભાગ, ગુ.રા.,ગાંધીનગર ધ્વારા તા.૦૧/૦૪/૨૦૧૭ થી રાજપીપલા જિ.નર્મદા ખાતે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના ઠરાવ ક્રમાંક: યુનિ/શૈ-બિનશૈ,સુવિધા/૧/૨૦૧૮,તા.૧૫/૦૧/૨૦૧૮ થી રાજપીપલા, જિ.નર્મદા ખાતે, જૂન-૨૦૧૮ થી ત્રણ કોલેજ શરૂ થયેલ છે. તે અનુસાર ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ અને કમિશનરશ્રી ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગરની કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની પેટર્નથી વિવિધ શૈક્ષણિક સંવર્ગની જગ્યાઓ કરાર આધારિત ૧૧ માસ વ્યાખ્યાતા સહાયકના નામાભિધાનથી ભરવાનું ઠરાવવામાં આવેલ છે.

## ૧.શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત:

### અ. વિનયન,વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના વિષયો માટે :

- યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના રેગ્યુલેશન-૨૦૧૦ (વખતોવખત સુધારેલ પ્રમાણે) પ્રમાણે ઉમેદવાર જે તે વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ સંબંધિત વિષયમાં ૫૫ ટકા ગુણ તથા નેટ (પ્રમાણપત્ર) અથવા સ્લેટ (પ્રમાણપત્ર)ની લઘુત્તમ લાયકાત ધરાવતા હોવા જોઇએ.
- ઉમેદવાર કે જેઓ University Grants Commission (Minimum Standards and Procedure for Award Of Ph.D. Degree) Regulations,2009અનુસાર પી.એચ.ડી. લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોને NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Standards and Procedure for Award Of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર પી.એચ.ડી લાયકાત મેળવેલ છે તે મુજબનુ યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીનું સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે.

## ૨. વયમર્યાદા :

જાહેરાતની અંતિમ તારીખે.....

૨.૧ વિનયન, વાણિજય અને વિજ્ઞાન વિધાશાખાના વિષયો માટે વધુમાં વધુ ૪૦ વર્ષ.

૨.૨ અનામત વર્ગના લાયકાત ધરાવતા ઉમેદવારો માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ વયમર્યાદામાં નીચે જણાવ્યાનુસાર છુટછાટ આપવામાં આવશે.

૨.૨.૧ અનુ.જાતિ, અનુ.જન.જાતિ, આર્થિક રીતે નબળા વર્ગો (EWS) અને સા.શૈ.પ.વર્ગ-૫ વર્ષ

૨.૨.૨ બિનઅનામત મહિલા ઉમેદવાર -૫ વર્ષ

૨.૨.3 અનામત વર્ગના મહિલા ઉમેદવાર-૧૦ વર્ષ (આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે ૦૫ વર્ષની છે. તેનો પણ સમાવેશ થઈ જાય છે.)

૨.૨.૪. વિકલાંગ ઉમેદવાર -૧૦ વર્ષ

૨.૨.૫ ઉકત તમામ છુટછાટ ઉમેદવારની વય ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે મળશે.

## ૩. મેરીટ ગણતરી

શિક્ષણ વિભાગના તા. ૧૭/૦૬/૨૦૦૯ના ઠરાવ અનુસાર અને અત્રેની યુનિવર્સિટીની સ્થાયી સમિતિના તા.૧૪/૦૨/૨૦૧૮ ના નિર્ણય આધારે કરાર આધારિત ૧૧ માસ વ્યાખ્યાતા સહાયક માટે શૈક્ષણિક લાયકાતની ગણતરી નીચેના ધોરણે ગણવાની રહેશે.

| ક્રમ | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૦૧ | સ્નાતક કક્ષા | |
| | અ.૫૧ થી ૭૦ ટકા (૧% દીઠ ૦.૨૫ ગુણાંક) | ૦૫ |
| | બ.૭૧ થી ૮૦ ટકા (૧% દીઠ ૦.૫૦ ગુણાંક | ૦૫ |
| | ક.યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન | ૧૦ |
| ૦૨ | અનુસ્નાતક કક્ષા | |
| | અ.૫૬ થી ૭૦ ટકા (૧% દીઠ ૧ ગુણાંક) | ૧૫ |
| | બ.યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન | ૧૦ |
| ૦૩ | એમ.ફીલ | ૦૫ |
| ૦૪ | પી.એચ.ડી | ૧૦ |
| ૦૫ | નેટ/સ્લેટ | ૧૦ |
| ૦૬ | ISBN નંબર વાળા પ્રકાશિત થયેલ પુસ્તકો (પુસ્તક દીઠ-૧,વધુમાં વધુ ૦૫) | ૦૫ |
| ૦૭ | યુ.જી.સી. ફેલોશિપ (માત્ર જેઆરએફ) | ૦૫ |
| ૦૮ | ISSN નંબર ધરાવતા સામયિકમાં પ્રકાશિત થયેલ લેખ/ સંશોધન પેપર (લેખ દીઠ-૧, વધુમા વધુ ૦૫ | ૦૫ |
| ૦૯ | અધ્યાપનનો અનુભવ વર્ષદીઠ-૧ | ૦૫ |
| | કુલ | ૯૦ |

- ઉમેદવારોની પસંદગી યાદી માત્ર ઉક્ત ૯૦ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે તથા ઇન્ટરવ્યુ કે ટેસ્ટ લેવામાં આવશે નહિ.
- અરજી કરનાર અરજદાર જે વિષય માટે અરજી કરે તે જ વિષયમાં સ્નાતક અને અનુસ્નાતક હોવો જોઇએ તેમજ તે જ વિષયમાં નેટ કે સ્લેટ પાસ કરેલા હોવા જોઇએ. પીએચ.ડી કરેલ ઉમેદવારે પણ તે જ વિષયમાં પીએચ.ડી કરેલ હોવું જોઇએ.
- પ્રકાશિત પુસ્તકો અને સંશોધન લેખો પ્રતિષ્ઠિત પબ્લિકેશનમાં અને સામાયિકોમાં ISBN અને ISSN નંબર સાથે પ્રગટ થયેલા હોવા જોઇએ
- સેલ્ફ ફાઇનાન્સ કે ગ્રાન્ટેડ કોલેજ અથવા યુનિ.ભવનોમાં અથવા સરકારી કોલેજમાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે બજાવેલી સેવાને અનુભવ તરીકે ધ્યાને લેવાશે નહિ.
- જો ઉમેદવારની માર્કશીટમાં ટકાવારી/ગુણભાર દર્શાવેલ ન હોય, તેવા સંજોગોમાં માર્કશીટ આપનાર યુનિવર્સિટી પાસેથી નિયત ગ્રેડની સામે ટકાવારી દર્શાવતુ પ્રમાણપત્ર રજૂ કરવાથી તે મુજબ મેરિટ ગણવુ.
- યુનિવર્સિટીમાં પ્રથમ આવનાર ઉમેદવારે જે તે વિષયમાં પ્રથમ વર્ગ પ્રાપ્ત કર્યા અંગેનુ નહિ પણ જે તે વિષયમાં યુનિવર્સિટીમાં સર્વપ્રથમ ક્રમ મેળવ્યા અંગેનુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.માત્ર ગોલ્ડમેડલ ગણાશે નહી.

## ૪. પગાર ધોરણ :

કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકને પ્રતિ માસ ફિક્સ રૂ.૨૫,000/-વેતન મળવાપાત્ર થશે.

## ૫. નિમણૂંકનો સમયગાળો :

બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી તરફથી,નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય અથવા આ યુનિવર્સિટીના સંબંધિત નિયમાનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ ના દ્વિતિય સત્રની સમાપ્તિના આગળના દિવસ,બન્નેમાંથી જે વહેલુ હોય તે સમયગાળા માટે જ આ નિમણૂક અમલી રહેશે.

કોઇપણ સંજોગોમાં ઉમેદવારની નિમણૂંક ૧૧ માસથી વધુ લંબાવી આપવામાં આવશે નહિ.

## ૬.ભરવાપાત્ર જગ્યાઓ:

વિષયવાર ભરવા પાત્ર જગ્યાઓની વિગતો આ સાથેના પત્રક-૧ મુજબ રહેશે.

## ૭. અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ

૭.૧ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત સમય મર્યાદામાં વેબસાઇટ http://bmtu.ac.in/ પરથી અરજીપત્ર અને જરૂરી સૂચનાઓની પ્રિન્ટ લઇ નિયત સમયમર્યાદામાં કુલસચિવશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર (વી.ટી.સી), આર.ટી.ઓ કચેરીની બાજુમાં, વાવડી રોડ, વાવડી-રાજપીપલા, જિ.નર્મદાને નિયત નમુનામાં જરૂરી આધાર અને પુરાવાઓ સાથે અન્ય તમામ જરૂરી અસલ પ્રમાણપત્રો સાથે તા.0૪/0૫/૨0૨૩ નાં રોજ સ્વખર્ચે સવારે 0૯:૩0 કલાકે ઉપસ્થિત રહેવાનું રહેશે. (અધૂરી વિગતવાળા અરજીપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ.) અરજી કવર પર વિષય:______________ખાસ દર્શાવવો.

દા.ત. વિષય: ગુજરાતી

૭.૨ અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા જણાવવામાં આવે છે. લાયકાત અને ઉંમર જાહેરાતની છેલ્લી તારીખ મુજબ ગણાશે. ઉમેદવારે ભરેલ અરજીફોર્મ આખરી ગણાશે. જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા વધારા કરી શકાશે નહિ કે તે અંગેની કોઇ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાશે નહિ.

૭.3 ઉમેદવારને મોબાઇલ નંબર, ઇ-મેઇલ આઇડી અને http://bmtu.ac.in/ પર વખતોવખત જરૂરી સુચનાઓ આપવામાં આવશે જેથી ઉમેદવારે પોતાના કબજા હેઠળનું ઇ-મેલ આઇ.ડી આપવા અને વેબસાઇટ જોવા ભલામણ છે.

૭.૪ જો ઉમેદવાર અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અસ્પષ્ટ, ભૂલભરેલી કે અધૂરી વિગતોવાળી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહિ. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નબંર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પુર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહિ. જેથી જરૂરિયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

૭.૫ અરજીપત્રની પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને Application Form ની તમામ વિગતો અને (અસલ પ્રમાણપત્ર અને જરૂરી લાયકાત/ ઉંમર / અન્ય તમામ સ્વપ્રમાણિત નકલ સાથે) ભરી તા.0૪/0૫/૨0૨૩ નાં રોજ સવારે 0૯:૩0 કલાકે તમામ અસલ પ્રમાણપત્રોનાં વેરિફિકેશન માટે ફરજિયાત ઉપસ્થિત રહેવું.

૭.૬ કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની ભરતી સંબંધિત તમામ સુચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

૭.૭ વિષયવાર ઉમેદવારોની શોર્ટલીસ્ટ થયેલ કામચલાઉ મેરીટ યાદી http://bmtu.ac.in/ પર પ્રસિદ્ધ કરવામાં આવશે તથા વખતોવખત જાણ પણ કરવામાં આવશે. સદર નિમણુંક અંગેની અદ્યતન માહિતી મેળવવા સમયે સમયે આપનું ઇ-મેઇલ એડ્રેસ અને ઉક્ત વેબસાઇટ જોવા ગંભીરતાથી જણાવવામાં આવે છે.

૭.૮ તમામ ઉમેદવારોએ યુનિવર્સિટી ખાતે જરૂરી ડોક્યુમેન્ટ્સ (અરજી સાથે જોડેલા તમામ) અસલ રજૂ કરી મેરિટ શીટ પ્રમાણિત કરાવવા તા.0૪/0૫/૨0૨૩ નાં રોજ ફરજિયાતપણે રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે.

૭.૯ ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં ઉમેદવારે ફરજિયાત (ફિઝીકલી) હાર્ડકોપી રજુ કરવાની રહેશે.ઓનલાઇન પ્રકાશિત થયેલ લેખ/પુસ્તકની હાર્ડકોપી રજુ કરવી ફરજિયાત રહેશે. ફોટો ઓળખપત્ર ફરજીયાત લાવાવુ.

**૮. ફરજનું સ્થળ રાજપીપલા જિ.નર્મદા ખાતે રહેશે. યુનિવર્સિટી ધ્વારા સોંપાયેલ તમામ ફરજો બજાવવાની રહેશે.**

૮.૧ ઉમેદવારે મેળવેલ શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરે સંબંધિત અસલ પ્રમાણપત્રો અથવા આધારો, ઓરિજિનલ પ્રમાણપત્ર ચકાસણી સમયે રજુ કરવાના રહેશે.

૮.૨ કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજૂ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલૂમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્ત વિષયક કાર્યવાહિ કરવામાં આવશે, જેમાં પ્રોસિક્યુશનની કાર્યવાહિનો પણ સમાવેશ થઇ શકશે.

૮.૩ જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ઇરાદાપૂર્વક-જાણીબૂઝીને ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભૂલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબક્કે તેમને સેવામાં ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ.

૮.૪ ઉમેદવારે પ્રમાણપત્ર ચકાસણી સમયે ફોટો આઇડેન્ટીટી પ્રૂફ સાથે રાખવાનું રહેશે. યુનિવર્સિટી ધ્વારા માગવામાં આવે ત્યારે તે અચૂક રજુ કરવાનું રહેશે.

૮.૫ ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલ કોઇપણ અધિકારી-કર્મચારીઓનો સંપર્ક કરવો નહિ. કોઇ પણ પ્રકારે દબાણ લાવનાર કે ભરતી પ્રક્રિયામાં વિક્ષેપ કરનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

૮.૬ ઉક્ત તમામ પ્રક્રિયામાં કોઇપણ તબક્કે જરૂરી ફેરફાર, સુધારા-વધારા તેમજ પત્રક-૧માં દર્શાવેલ તમામ જગ્યાઓ ભરવી અથવા આંશિક/અમુક જ જગ્યાઓ ભરવી અથવા આંશિક સમય માટે જ ભરવી તેવા તમામ ફેરફાર-સુધારા કરવાની સત્તા અને તે બાબતે અંતિમ નિર્ણય કુલપતિશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા જિ.નર્મદાનો રહેશે.

૮.૭ સદર જાહેરાત અંતર્ગત નિમણુંક પામનાર ઉમેદવાર ભવિષ્યમાં કોઇપણ સંજોગોમાં નિયમિત નિમણુંક મેળવવા દાવો કરી શકશે નહિ અથવા સરકારી કર્મચારીનાં કોઇપણ લાભ/હક્ક સુવિધા મેળવવા હક્કદાર ગણાશે નહિ.

તમામ ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે કે સદર નિમણૂક ૧૧ માસ કરાર આધારિત હોય, ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન નિમણૂક પામેલ કોઇ ઉમેદવાર રાજીનામું આપે/ નિમણૂક રદ થાય તેવા સંજોગોમાં પ્રતિક્ષાયાદીમાંથી મેરિટનાં ક્રમાંકે કોઇપણ સમયે યુનિવર્સિટી ધ્વારા નિમણૂક કરવામાં આવશે.

સ્થળ: રાજપીપલા

કા.કુલસચિવ
બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી
રાજપીપલા

તારીખ:૨૫/૦૪/૨૦૨૩

# BIRSA MUNDA TRIBAL UNIVERSITY, RAJPIPLA

Vocational Training Centre(VTC), Near RTO Office,
Vavdi Road, Vavdi, Rajpipla, Dist.Narmada,
Gujarat-393145

**APPLICATION FORM FOR TEACHING POSITIONS AS ADHYAPAK SAHAYAK CONTRACT BASED FOR 11 MONTHS**

| OFFICE USE ONLY | | |
|---|---|---|
| **Application Registration No. & Date** | **Merit No.** | **Candidate code** |
| | | |

Prefix your passport size photo with your sign.

## SECTION-1:

**GENERAL INFORMATION AND ACADEMIC BACKGROUND**

| | | |
|---|---|---|
| **(1)** | **Please mention the subject for which you have applied** | : |
| **(2)** | **Name (in Block Letters)** | : |
| **(3)** | **Father's Name / Mother's Name** | : |
| **(4)** | **Date and Place of Birth** | : |
| **(5)** | **Sex (Gender)** | : |
| **(6)** | **Marital Status** | : |
| **(7)** | **Nationality** | : |
| **(8)** | **Indicate whether belongs to SC/ST/OBC/General/EWS/PH category**<br>**(Attach relevant certificate)**<br>**From competent authority** | : |
| **(9)** | **Address for correspondence**<br>**(With Pin code)**<br>**Telephone No.**<br>**Mobile No.**<br>**E-mail address.** | :<br><br>:<br>:<br>: |
| **(10)** | **Permanent Address (With Pin code)** | : |
| **(11)** | **Name of the present employer**<br>**(If any)** | : |

| (12) | a) **Current Designation**<br><br>b) **Basic pay and scale (including Grade Pay, where applicable** | **:**<br><br>**:** |
|---|---|---|

## (13) Academic and other qualifications (attach relevant certificates)

| **Examinations** | **Name of the Board/ university** | **Month & Year of Passing** | **Percentage of marks obtained** | **Division/ Class/ Grade** | **Subject** | **Page Number of attached document** |
|---|---|---|---|---|---|---|
| Graduation (Specify the name of the degree) ____________ | | | | | | |
| Post-Graduation (Specify the name of the degree) ____________ | | | | | | |
| Professional qualification if any (Specify) ____________ | | | | | | |
| Additional Qualification, If any (Specify)________ | | | | | | |
| Eligibility test for Assistant Professor such as NET, SLET, etc. (Specify)________ | **Year of Passing :**<br><br>**Seat/ Roll Number :** | | | | | |

## (14) Research Degree(s): (attach relevant certificate/s)

| **Degrees** | **Title of the Dissertation/ Thesis** | **Board Area of Subject** | **Duration with Dates** | **University/ Institute** | **Page Number of attached document** |
|---|---|---|---|---|---|
| **M.Phil.** | | | | | |
| **Ph.D.*/ D. Phil** | | | | | |
| **D.Sc./D.Litt.** | | | | | |
| **Other Post Doctoral Work (Specify)** ____________ | | | | | |

Date of Ph.D. Registration : ________________________________________

Page Number of attached registration Certificate : _______________________

* For Ph.D. Registration before 11/07/2009 NET/SET exemption certificate MUST be attached as per UGC regulations 2016 ($4^{th}$ Amendment),Page No. of certificate: ____________

**(15) Appointments held prior to the Present Employment:**
**(Attach relevant documents so reference can be made in certificate if necessity)**

| Name of Employer | Designation | Nature of Duties | Date of | | Salary with Grade-pay scale | Reason of leaving | Page Number of attached document |
|---|---|---|---|---|---|---|---|
| | | | Joining | Leaving | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

**(16) Post/s held with the present employer: (attach relevant documents)**

| Designation | Organization/ Institution/ Department | Date of Joining | | Salary with Grade Pay | Page Number of attached document |
|---|---|---|---|---|---|
| | | From | To | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **(17)** | **a) Period of teaching experience** | **:** | **P.G. Classes (in years)** | **:** | **_______________** |
| | (Attach appointment letter and/or PG recognition letter: Page No. : __________________) | | | | |
| | | | **U.G. Classes (in years) : _________________** | | |
| | | | (Attach appointment letter: Page No:______________) | | |
| | **b) Industry experience** | **:** | **Level_______________ Years________________** | | |
| | | | (Attach appointment letter: Page No:______________) | | |
| | **c) Administrative experience** | **:** | **Level_______________ Years________________** | | |
| | | | (Attach appointment letter: Page No:______________) | | |
| **(18)** | **Research Experience with the name of institutions-organizations** | **:** | **:___________________** | | |
| **(19)** | **Fields of Specialization under the Subject/ Discipline** | | | | |
| | **(a)** | | | | |
| | **(b)** | | | | |
| | **(c)** | | | | |
| | **(d)** | | | | |

**(20) Extension activities, awards, etc.:**

**Membership of/nomination on professional/ other bodies**

| Sr. No. | Name | Position held | No. of years | Contribution made, in brief |
|---|---|---|---|---|
| | | | | |

**(a) Academic Awards: International fellowship/awards instituted by academic bodies / international institutions etc. & National fellowships/ awards instituted by UGC/ DST/CSIR/ICSSRICAR/DBT/ Jnanpith / National Academies / State Govt. / Central Govt. only.**

| Sr. No. | Name of award | Awarding institution | Year | Page No. of attached docs |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

**(b) Cultural/ Sports/ NSS/ NCC (National State level participation only) (Attach relevant certificates)**

| Sr. No. | Details | Page No. of Attached Certificate |
|---|---|---|
| | | |
| | | |
| | | |

**(21) Any other information relevant to the post applied for and not covered in Application earlier:**

**(Category: III research, publications and academic contributions)**

**(Evidences to be provided along with the application for the final verification)**

**A) Published papers refereed journals/UGC notified journals**

| Sr. No. | Title | Journal with vol. No. Page No .Year DOI/ Link | ISSN No/ & UGC Journal Number | Whether peer reviewed/refereed. Impact factor, if any | No. of co-authors | Whether you are the main author/ guide/ mentor | Page No. of Attached document |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

## B) Research Publications (Book/Articles/Chapters in Books etc)

| Sr. No. | Title with page nos. | Book Title editor & publisher | ISSN No/ISBN No. University website reference | Whether peer reviewed | No. of co-authors | Whether you are the main author/ | Page No. of Attached document |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

**You may attach separate sheet if necessary.**

I, __________________________________________________ son / daughter of _________________________________________ hereby declare that all entries made by me in this application are true, complete and correct to the best of my knowledge and belief. I understand that in the event of any information being found false, incomplete or incorrect, my candidature / appointment is liable to be cancelled / terminated by the University without assigning any reason thereof.

**Date:** **Signature of the applicant:______________________________**

**Place:** **Name in Capital letters:________________________________**

**BIRSA MUNDA TRIBAL UNIVERSITY, RAJPIPLA**
Vocational Training Centre (VTC), Near RTO Office,
Vavdi Road, Vavdi, Rajpipla, Dist. Narmada,
Gujarat-393145

# મેરિટશીટ

**ઉમેદવારનું નામ :**

**વિષય:**

| ક્રમ | લાયકાત | મહત્તમ ગુણ | મેળવેલ ગુણ/ટકા | ગુણભારાંક મુજબ થતુ મેરિટ | અન્ય નોંધ |
|---|---|---|---|---|---|
| ૦૧ | સ્નાતક કક્ષા | | | | |
| | અ.૫૧ થી ૭૦ ટકા (૧% દીઠ ૦.૨૫ ગુણાંક) | ૦૫ | | | |
| | બ.૭૧ થી ૮૦ ટકા (૧% દીઠ ૦.૫૦ ગુણાંક | ૦૫ | | | |
| | ક.યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન | ૧૦ | | | |
| ૦૨ | અનુસ્નાતક કક્ષા | | | | |
| | અ.૫૬ થી ૭૦ ટકા (૧% દીઠ ૧ ગુણાંક) | ૧૫ | | | |
| | બ.યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન | ૧૦ | | | |
| ૦3 | એમ.ફીલ. | ૦૫ | | | |
| ૦૪ | પી.એચડી. | ૧૦ | | | |
| ૦૫ | નેટ/સ્લેટ | ૧૦ | | | |
| ૦૬ | ISBN નંબર વાળા પ્રકાશિત થયેલ પુસ્તકો (પુસ્તક દીઠ-૧,વધુમાં વધુ ૦૫) | ૦૫ | | | |
| ૦૭ | યુ.જી.સી. ફેલોશિપ (માત્ર જેઆરએફ) | ૦૫ | | | |
| ૦૮ | ISSN નંબર ધરાવતા સામયિકમાં પ્રકાશિત થયેલ લેખ/ સંશોધન પેપર (લેખ દીઠ-૧, વધુમા વધુ ૦૫) | ૦૫ | | | |
| ૦૯ | અધ્યાપનનો અનુભવ વર્ષદીઠ-૧ | ૦૫ | | | |
| કુલ | | ૯૦ | | | |

ઉપરોક્ત રજુ કરવામા આવેલ તમામ વિગતો મારી જાણ અને માહિતી મુજબ સત્ય છે અને યુનિવર્સિટીને કે આપને મારા દ્વારા આપવામા આવેલ વિગતો ખોટી પૂરવાર થશે અથવા અસત્ય કે અધુરી હકિકતોવાળી હશે તો યુનિવર્સિટી દ્વારા કાયદાકીય કાર્યવાહી કરવામા આવશે. જેમા પ્રોસિક્યુશનનો પણ સમાવેશ થાય છે. તેની મને પુરેપુરી જાણ છે અને તે સંજોગોમા જે કોઇ કાર્યવાહી થાય તે માટે સંમતિ દર્શાવુ છુ.

જે મારી સંપુર્ણ જાણ અને માહિતીમા છે.

સ્થળ:

ઉમેદવારની સહી અને નામ

તારીખ: